# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે માર્ચ/એપ્રિલ–૨૦૨૨ માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ) અને GUJCET- ૨૦૨૨નું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ઓનલાઈન જાહેર કરવામાં આવેલ છે. માર્ચ/એપ્રિલ–૨૦૨૨ ના ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને GUJCET ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ પહોંચાડવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને GUJCET ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી તા.૨૧/૦૫/૨૦૨૨ ના રોજ જિલ્લાની વિજ્ઞાનપ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની વિજ્ઞાનપ્રવાહની તમામ ઉ.મા.શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ(ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યાર પત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ તા.૨૩/૦૫/૨૦૨૨ સુધીમાં વિદ્યાર્થીઓને પરિણામ વિતરણની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની GUJCET–૨૦૨૨ ની માર્કશીટ ટપાલ(POST) દ્વારા મોકલી આપવામાં આવશે.

જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

(ટી.કે.મહેતા)
નાયબ નિયામક (વિ.પ્ર. પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

તારીખ: – ૧૯/૦૫/૨૦૨૨
સ્થળ: – ગાંધીનગર